અંદાજપત્ર પ્રથમ નજરે...

નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વચગાળાના બજેટમાં નાણામંત્રી પીયુષ ગોયેલે આજે શ્રેણીબદ્ધ જાહેરાતો કરી હતી. એપ્રિલ મહિનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની શરૂઆત થઇ રહી છે. સામાન્ય ચૂંટણી પહેલા વચગાળાના બજેટને રજૂ કરવામાં આવ્યા બાદ તેની આજે ચર્ચા જોવા મળી હતી. મે મહિનામાં દેશમાં સામાન્ય ચૂંટણી યોજાનાર છે ત્યારે વચગાળાના બજેટમાં તમામ વર્ગને પ્રભાવિત કરવાના પ્રયાસો આજે કરવામાં આવ્યા હતા. વચગાળાના બજેટની હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- પાંચ લાખ રૂપિયા સુધીની આવક પર કરદાતાઓને હવે કોઈ ટેક્સ ચુકવવા નહીં પડે. મર્યાદા ૨.૫ લાખ રૂપિયાથી વધારીને ૫ લાખ કરાઈ
- પર્સનલ ઇન્કમટેક્સ પર સ્ટાન્ડર્ડ ડિડક્શન પગારદાર વર્ગ માટે ૪૦૦૦૦ રૂપિયાથી વધારી ૫૦૦૦૦
- ત્રણ કરોડ કરદાતાઓને સીધીરીતે ફાયદો થશે
- બેંક ડિપોઝિટ ઉપર ટીડીએસ મર્યાદા ૧૦૦૦૦ રૂપિયાથી વધારીને ૪૦૦૦૦ રૂપિયા કરાઈ
- ૨૦૧૩-૧૪માં છ લાખ રૂપિયાથી વધીને ટેક્સ વસુલાતનો આંકડો હવે ૧૨ લાખ કરોડ થયો
- રેલવે માટે બજેટ ૬૪૦૦૦ કરોડ રૂપિયા
- સંરક્ષણ બજેટ ત્રણ લાખ કરોડ કરવામાં આવ્યું. ગયા વર્ષની સરખામણીમાં ૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો
- આર્ટીફિશિયલ ઇન્ટેલીજન્સ માટે સેન્ટર અને નેશનલ પોર્ટલની રચના કરવામાં આવશે
- ૨૦૧૭-૧૮માં ડિસઇન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ જે ૮૦૦૦૦ કરોડ રૂપિયાનો છે તેને પાર કરી લેવાશે
- દર મહિને જીએસટી સરેરાશ વસુલાતનો આંકડો ૯૭૦૦૦ કરોડનો રહ્યો છે
- વર્ષ ૨૦૧૭-૧૮ માટે ફિસ્કલ ડેફિસિટનો આંકડો જીડીપીના ૩.૪ ટકા રહ્યો છે જે અગાઉના વર્ષ કરતા ૩.૩ ટકા વધારે છે
- નાના ખેડૂતો માટે એક વર્ષમાં ૬૦૦૦ રૂપિયા સીધીરીતે બેંકમાં જમા કરાશે. ખેડૂતો માટે નિર્ધારિક આવકના ભાગરુપે આ રકમ જમા થયા બાદ ૧૨ કરોડ પરિવારોને ફાયદો થશે
- ખેડૂત ઇન્કમ આવક માટે વાર્ષિક ફાળવણી ૭૫૦૦૦ કરોડ કરાઈ
- અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટરના વર્કરો માટે પેન્શન સ્કીમ વધારીને ૧૫૦૦૦ કરાઈ
- પેન્શન સ્કીમથી અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટરના ૧૦ કરોડ વર્કરોને ફાયદો થશે
- ખેડૂતો માટે ફાઇનાન્સિયલ પેકેજની જાહેરાત કરવામાં આવી
- સન્માનનિધિ સ્કીમ હેઠળ બેંક ખાતામાં છ હજાર રૂપિયા જમા થયા બાદ આ સ્કીમ માટે ૭૫૦૦૦ કરોડ ફાળવાયા
- ઉત્તર પૂર્વ માટે ફંડની ફાળવણીમાં ૨૧ ટકાનો વધારો કરીને આ રકમ ૫૮૧૬૬ કરોડ કરાઈ
- જીએસટીના પરિણામસ્વરુપે જીવન જરૂરી ચીજવસ્તુઓમાં રાહત મળી છે. આના કારણે લોકોને ૮૦૦૦૦ કરોડની રાહત મળી છે
- મુદ્રા સ્કીમ હેઠળ ૧૫.૫૬ લાખ લોન મંજુર કરાઈ છે. આ સ્કીમ હેઠળ ૭.૨૩ લાખ કરોડ અપાયા છે. લાભ લેનારમાં ૭૦ ટકા મહિલાઓ છે
- કલમ ૮૦આઈ હેઠળ લાભ વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૯-૨૦ના અંત સુધી મંજુર કરવામાં આવનાર તમામ હાઉસિંગ પ્રોજેક્ટોમાં આ સુવિધા રહેશે
- તમામ ભારતીયોને પીવાનું શુદ્ધ પાણી મળે તે પ્રકારે આયોજન કરાયું છે
- બ્લ્યુ ઇકોનોમિ અને સાગરમાલાને મજબૂતી અપાઈ રહી છે
- માઈક્રો ઇરિગેશન ટેકનિકનો ઉપયોગ કરીને સરકારની પ્રાથમિકતા વધારવામાં આવી રહી છે
- પગારદાર વર્ગ માટે સ્ટાન્ડર્ડ ટેક્સ ડિડક્શન વધારવામાં આવ્યો છે
- કુદરતી હોનારતોથી ગ્રસ્ત તમામ ખેડૂતોને વ્યાજમાં મુક્તિ મળશે અને સમયસર લોન ચુકવનાર ખેડૂતોને ત્રણ ટકાની રાહત મળશે
- ગ્રામિણ રસ્તાઓના નિર્માણ માટે જંગી ફાળવણી કરવામાં આવી છે
- એનડીએ શાસન હેઠળ ૧૫.૮ લાખ રોડ રસ્તાઓ વ્યવસ્થિત કરાયા છે
- ગ્રામિણ રસ્તાઓ માટે ૧૯૦૦૦ કરોડની ફાળવણી કરાઈ છે
- વન રેંક વન પેન્શન સ્કીમ હેઠળ ખેડૂતો માટે ૩૫૦૦૦ કરોડની રકમ અપાઈ છે
- સંરક્ષણ બજેટની ફાળવણી વધતા તેમની જરૂરીયાતો સંતોષવામાં આવી રહી છે
- ૧૦ ટકા અનામતના લાભ આપવા માટે સરકાર સંપૂર્ણપણે સજ્જ છે
- નીતિ આયોગ હેઠળ એક ખાસ સમિતિની રચના કરવામાં આવી છે તે ધિરાણ પર ધ્યાન આપશે
- આઠ કરોડ એલપીજી કનેક્શન ફ્રી આપવામાં આવી છે જે પૈકી છ કરોડ આપવામાં આવી ચુક્યા છે
- ઓર્ગેનાઇઝ્ડ સેક્ટરના વર્કરો માટે મેગા પેન્શન સ્કીમ શરૂ કરાઈ છે
- રાષ્ટ્રીય ગુરુકુળ મિશન માટે ફાળવણી ૭૫૦ કરોડ કરાઈ છે
- પશુ સંવર્ધન અને માછીમારો માટે પણ વ્યાજ મુક્તિની જાહેરાત કરવામાં આવી
- ગ્રેજ્યુએટી માટેની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૩૦ લાખ રૂપિયા કરવામાં આવી છે
- તમામ હાઉસિંગ પ્રોજેક્ટો માટે આગામી સમયમાં વધુ રાહતો અપાશે
- આગામી પાંચ વર્ષમાં ભારત પાંચ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં પ્રવેશ કરશે
- પાંચ કરોડથી ઓછા વાર્ષિક ટર્નઓવરના કારોબારને ત્રિમાસિક રિટર્નની મંજુરી અપાશે
- કરવેરાની જાળ ૩.૭૯ કરોડથી વધીને ૬.૮૫ કરોડ થઇ છે
- જીએસટી હેઠળ નોંધાયેલા એમએસએમઈ યુનિટો માટે એક કરોડ સુધીની લોન પર બે ટકા વ્યાજ રાહત રહેશે
- જીએસટી હેઠળ આવાસ ખરીદનાર લોકોને લાભ કઈ રીતે મળે તેમાં ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ ધ્યાન આપશે
- જીએસટી સ્વતંત્ર ભારત બાદ હજુ સુધીની સૌથી મોટી સ્કીમ રહી છે
- બે વર્ષના ગાળામાં જ તમામ વ્યવસ્થા હળવી થઇ ગઇ છે
- આઈટી રિટર્ન હવે ઇલેક્ટ્રોનિક કઈ રીતે સરળતાથી ભરવામાં આવી રહ્યા છે
- ભારતમાં ડેટા પોસ્ટ અને વોઇસ કોલ વિશ્વમાં સૌથી સસ્તા બની ગયા છે
- ફિલ્મ નિર્માતાઓ માટે ફિલ્મ નિર્માણને લઈને સિંગલ વિન્ડો ક્લિયરિંન્સ સિસ્ટમ રહેશે
- તમામ જોગવાઈઓને સ્પષ્ટરીતે આવરી લેવાશે
- સિનેમાટોગ્રાફી એક્ટમાં નવી જોગવાઈ ઉમેરીને ફિલ્મ પ્રાઇવેસીને રોકવાના પ્રયાસ કરાશે
- હાઈડ્રો કાર્બન પ્રોડક્શનને વધારવા માટે તાકિદની જરૂરિયાત ઉભી કરાશે. આના કારણે આયાત ઉપર આધાર ઘટાડવામાં આવશે
- ઈલેક્ટ્રીકથી ચાલતા વાહનોને વધુ મહત્વ આપવામાં આવશે
- પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન હેઠળ ધર મહિને ૩૦૦૦ રૂપિયાની પેન્શન આપવામાં આવશે જેમાં દર મહિને ૧૦૦ની યોગદાન અપાશે. અનઓર્ગેનાઇઝ્ડ સેક્ટરમાં વર્કરોને આવરી લેવાશે
- ૧૨ કરોડ નાના અને મધ્યમ ખેડૂતોને સીધા લાભ મળે તે દિશામાં પણ નવી પહેલ થઇ રહી છે
- ફિસ્કલ ડેફિસિટને ૩.૫ ટકાના સ્તરે લાવવામાં આવ્યા બાદ આને હજુ ઘટાડવામાં આવસે અને આંકડાને ૨.૫ ટકા સુધી લવાશે
- ૧૦ વર્ષની આગામી યોજના માટેનું ચિત્ર પણ સરકાર તરફથી રજૂ કરાયું છે
- આયુષ્યમાન ભારત યોજના વિશ્વની સૌથી મોટી યોજના તરીકે સાબિત થઇ રહી છે
- આયુષ્યમાન હેઠળ ૧૦ લાખ મરીજોની સારવાર થઇ ચુકી છે
- જન ઔષધિ સ્ટોર મારફતે સસ્તા દરે દવાઓ આપવામાં આવી રહી છે
- દેશમાં ૨૧ એમ્સ સ્થાપિત કરવામાં આવી ચુક્યા છે જે પૈકી ૧૪ને ૨૦૧૪ બાદ મંજુરી મળી છે
- ત્રણ કરોડ કરદાતાઓને સીધીરીતે ફાયદો થશે
- ઝડપથી કામ કઇ રીતે થાય તે દિશામાં પહેલ થઇ રહી છે
- બજેટ નહીં વિકાસ યાત્રા હોવાનો દાવો કરતા ગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યો રોમાંચિત થઇ ગયા
- કરદાતાઓની સંખ્યામાં નોટબંધીના પરિણામ સ્વરુપે ઘટાડો થયો છે
- મોંઘવારીના દર ઘટીને ૪.૬ ટકા થયો છે જે ૧૯૯૧ના આર્થિક સુધારા બાદ કોઇપણ સરકારની અવધિમાં સૌથી ઓછો દર છે.

- છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ૨૩૯ અબજ ડોલરની રકમ એફડીઆઈ મારફતે આવી છે
- આ વર્ષે મનરેગા માટે ૬૦૦૦૦ કરોડ રૂપિયા મંજુર કરવામાં આવ્યા છે
- દેશની પ્રતિષ્ઠા વિશ્વભરમાં વધી રહી છે
- વિશ્વનું સૌથી ઝડપથી ઉભરી રહેલા અર્થતંત્રમાં ભારત આવી ગયું છે
- સમૃદ્ધિ અને વિકાસની દિશામાં ઝડપી આગેકૂચ થઇ રહી છે
- ડિફોલ્ટીંગ મેનેજમેન્ટ પણ હવે ઝડપથી ઇમાનદારીની દિશામાં છે
- કુદરતી સંશાધનોની પારદર્શક હરાજીની પ્રક્રિયા ચાલી રહી છે. કોલસા અને સ્પેક્ટ્રમના ક્ષેત્રમાં આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે
- ૯૮ ટકા રુરલ સેનિટેશનની સિદ્ધિ હાંસલ કરવામાં સફળતા મળી છે
- પીએસયુ બેંકોના રિકેપિટાલાઇઝેશનમાં ૨.૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરાયા છે
- બીઓએલ, બીઓએન અને ઓબીસીને પીસીઓ ફ્રેમવર્કમાંથી બહાર રખાયા છે
- ઓટોમેટિક રુટ મારફતે મોટાભાગની એફડીઆઈ આવી છે
- આઈબીસી પ્રક્રિયા મારફતે ૩ લાખ કરોડ રૂપિયા વસુલ કરવામાં આવ્યા છે
- મજબૂતી માટે બેંકોને મર્જ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે
- પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના માટે જરૂર પડશે તો વધુ ફાળવણી થશે
- પીએમ હાઉસિંગ પ્લાન હેઠળ ૧.૫૩ લાખ મકાનોનું નિર્માણ કરાયું છે
- હરિયાણામાં ૨૨ માં એમ્સ બનાવવાની દિશામાં કામ થઇ રહ્યું છે
- નાના અને મધ્યમ ખેડૂતો માટે પીએમ કિસાન ફંડની રચના કરવામાં આવશે
- પશુ સંવર્ધન સેક્ટર માટે ફાળવણી ૭૫૦ કરોડ રૂપિયા કરાઈ છે
- ખેડૂતોને પ્રથમ ઇન્સ્ટોલમેન્ટ ૨૦૦૦ રૂપિયા ટૂંકમાં જ આપવામાં આવશે
- ઈએસઆઈ કવર લિમિટ વધારીને ૨૧૦૦૦ કરવામાં આવી છે
- ઈપીએફઓના ડેટા દર્શાવે છે કે, રોજગારીની તકો વધી રહી છે
- નવી પેન્શન સ્કીમ ઉદાર કરવામાં આવી છે અને સરકારનું યોગદાન વધારીને ૧૪ ટકા કરાયું છે
- માછીમારો માટે અલગ વિભાગની રચના કરવામાં આવનાર છે
- સ્ટાર્ટઅપના સૌથી મોટા હબ તરીકે ભારત ઉભરી રહ્યું છે
- સ્ટાર્ટઅપ અને જોબની તકો ઉભી કરીને ડિજિટલ ઇન્ડિયા બનાવવાની પહેલ થઇ રહી છે
- મેગા પેન્શન સ્કીમ માટે ૫૦૦ કરોડ રૂપિયા અપાયા છે
- બ્રોડગેજ નેટવર્ક ઉપર કોઇ માનવરહિત ક્રોસિંગ રહ્યા નથી
- રેલવે માટે ફાળવણી ૬૪૫૮૭ કરોડ થઇ છે
- છેલ્લા પાંચ વર્ષમાં મોબાઇલ ડેટા વપરાશમાં રેકોર્ડ વધારો થયો છે
- પાંચ વર્ષમાં એક લાખ ડિજિટલ ગામનું નિર્માણ કરવામાં આવશે
- તમામ રિટર્નની પ્રક્રિયા ૨૪ કલાકમાં પૂર્ણ કરવામાં આવશે. રિફંડ પણ ઝડપથી મળશે
- ટેક્સ રિટર્ન અરજીમાં રહેલી ખામી પણ ટેકનોલોજી મારફતે સુધારવામાં આવી છે
- મધ્યમ વર્ગ પર ટેક્સ બોજને ઘટાડવા માટે તમામ પહેલ થઇ છે
- છેલ્લા પાંચ વર્ષમાં જનધન યોજના હેઠળ ૩૪ કરોડ ખાતા ખોલાયા છે
- રાજ્યના રેવેન્યુમાં ઉલ્લેખનીય વધારો થઇ રહ્યો છે
- જીએસટી કાઉન્સિલની બેઠકમાં આવાસ ખરીદનારાઓ ઉપર બોજ ઘટાડવા પગલા લેવાઈ રહ્યા છે
- કાળા નાણાને રોકવા માટે નોટબંધી સહિતના પગલા અસરકારક રહ્યા છે
- મોટાભાગે દરરોજ ઉપયોગમાં આવતી વસ્તુઓ જીએસટી હેઠળ ૦-૫ ટકાના ટેક્સ સ્લેબમાં લેવાઈ છે
- નોટબંધી બાદ એક કરોડ લોકો ટેક્સ રિટર્નમાં પહોંચી ગયા છે
- કાળા નાણાંને રોકવા લેવાયેલા પગલાથી ૧.૩ લાખ કરોડ રૂપિયાની બિનહિસાબી આવક પકડી પાડવામાં આવી છે
- ઓટોમોબાઇલ, મેડિસિન, મેન્યુફેક્ચરિંગ સહિતના વૈશ્વિક હબ ભારત બનવાની દિશામાં છે
- લોકોના જીવન ધોરણને સુધારવા માટે શારીરિક અને માનસિક બાબતો ઉપર ધ્યાન અપાયું છે
- કેપેક્સનો આંકડો ૩.૩૬ લાખ કરોડ સુધી પહોંચ્યો છે
- નવા રિયાલીટી પ્રોજેક્ટો પર ઇન્કમ ટેક્સ છુટછાટ જારી રહેશે
- બીજા પોતાના આવાસ ઉપર ભાડા પર કોઈ ઇન્કમટેક્સ રહેશે નહીં

વિકાસ માટે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોગવાઈ આ ઉપરાંત ભુર્ગભ ગટર વ્યવસ્થા અને સ્ટોર્મ વોટર લાઈન માટે રૂ ૩૦ કરોડ અને આ ઉપરાંત ટી પી સ્કીમોમાં પાણી વિતરણ વ્યવસ્થા ઉભી કરવા માટે રૂ ૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જયારે ગરીબ અને મધ્યમવર્ગ પરિવારજનો માટે ગુડા વિસ્તારમાં વિવિધ આવાસો પણ તૈયાર કરવામાં આવશે. હાલ બની રહેલા આવસો માટે પણ રૂ ૧૪૪ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે ગુડા વિસ્તારમાં પર્યાવરણની જાળવણી અને રમણીયતા માટે આનંદ પ્રમોદના હેતુથી રૂ ૯ કરોડના ખર્ચેબાગ બગીચા બનાવાશે. બજેટમાં રૂ ૫૦ લાખના ખર્ચે ગુડા વિસ્તારમાં તળાવના વિકાસ કામોનુ પણ આયોજન કરાયુ છે. પુલના નિર્માણ માટે રૂ ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં ગુડા ભવનના નિર્માણ માટે પણ રૂ ૧૩ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. એમ્યુઝમેન્ટ પાર્ક બનાવવા માટે પણ ૩.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં નવા બે પાર્ટી પ્લોટ બનાવવા માટે રૂ ૬.૧૦ કરોડની જોગાવાઈ કરવામાં આવી છે. પ્લેગ્રાઉન્ડ માટે ૫૦ લાખનો ખર્ચ પણ કરવાનુ આયોજન કરાયુ છે.ગુડા ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે ગુડા ગામોના વિકાસ માટે રૂ ૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ સરપંચોની ભલામણને ધ્યાને લઇ રૂ ૫ થી ૧૦ લાખની ફાળવણી કરવામાં આવશે. નવા માર્ગો પર રૂ ૫ કરોડના ખર્ચે સ્ટ્રીટ લાઇટ તેમજ વોક વે અને પ્લોટ સંરક્ષણ માટે કમ્પાઉન્ડ વોલ તેમજ તાર ફેન્સીંગ કરવા રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે સાઇકલ શેરીંગ પ્રોજેકટ માટે ૧.૭૦ કરોડ અને લાઇબ્રેરી માટે પણ રૂ ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. કુડાસણ અને વાવોલમાં શાકભાજી તેમજ ફુટ માર્કેટ માટે પ્રોજેકટ નિષ્ફળ ગયો હોવા છતા નવા માર્કેટ માટે રૂ ૧કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કસોટી લેવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શીખવાના થતા વિવિધ વિષયોની સંકલ્પનાઓ શીખવામાં પણ સરળતા રહે. ધો. ૨ માં આ નિદાન કસોટી ધો. ૩માં વિષયો શીખવતા શિક્ષકો દ્વારા લેવામાં આવી હોવાથી બાળકોમાં કોઈ અન્ય લાગણી ઉભી થાય નહિ તેની પણ કાળજી લેવામાં આવી છે.

ગુણોત્સવના નબળા પરિણામો બાદ હરકતમાં આવેલા વિભાગે મિશન વિદ્યા અભિયાન કર્યુ હતુ. હવે ધો. ૨ જે પ્રાથમિક શિક્ષણનો મુખ્ય પાયો મનાય છે ત્યાં જ નિદાન કસોટીનો નવતર અભિગમ હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

અચ્છેદિન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૫૦૦૦૦ રૂપિયા કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ સંસદમાં થોડાક સમય સુધી મોદી મોદીના નારા ગુંજયા હતા. હવે વ્યક્તિગત કરદાતાઓ ૬.૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ ટેક્સ ચુકવશે નહીં અને કરદાતાઓ જો પ્રોવિડંડ ફંડ અથવા તો અન્ય ઇક્વિટીમાં રોકાણ કરશે તો તેના ઉપર કોઇપણ પ્રકારના ટેક્સ આપવા પડશે નહીં. ભાડાન આવક પર ટીડીએસ થ્રેસોલ્ડ મર્યાદાને ૧.૮ લાખ રૂપિયાથી વધારીને ૨.૪ લાખ રૂપિયા કરવામાં આવી છે. બીજી બાજુ વ્યક્તિગત ટેક્સ ચુકવતા લોકોને રાહત મળવાથી ત્રણ કરોડ મધ્યમવર્ગના કરદાતાઓને રાહત મળશે. બજેટમાં ગ્રેજ્યુએટી માટેની મર્યાદાને ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૩૦ લાખ રૂપિયા કરવામાં આવી છે. શ્રમિકો માટે કરવામાં આવેલી આ જાહેરાત કેટલી ઉપયોગી સાબિત થનાર છે. સરકારની ૨૧૦૦૦ રૂપિયા કમાવનાર લોકો માટે ૭૦૦૦ બોનસની પણ જાહેરાત કરવામાં આવી છે. આવી જ રીતે કામગીરી દરમિયાન કોઇ શ્રમિકનું મૃત્યુ થવાની સ્થિતિમાં તેને છ લાખ રૂપિયા ચુકવવામાં આવશે. વડાપ્રધાન શ્રમયોગી માનધન યોજનાને મંજુરી આપવામાં આવી છે. આ યોજનાથી ૧૦ કરોડ મજુરોને સીધો લાભ મળશે. ખેડૂતો માટે પણ બજેટમાં અતિમહત્વની જાહેરાતો કરવામાં આવી છે. તેના ભાગરુપે નાણામંત્રી પીયુષ ગોયેલે કહ્યું હતું કે, સરકારે પહેલાથી જ ૨૨ પાકમાં ખર્ચ કરતા ૫૦ ટકા વધારે એમએસપીની જાહેરાત થઇ ચુકી છે. ખેડૂતોની આવકને વધારવા માટે ઐતિહાસિક પહેલ કરવામાં આવી છે. નાના અને સિમાંત ખેડૂતોની આવક વધારવામાં આવશે. બે હેક્ટર અથવા તો પાંચ એકર સુધીની જમીન ધરાવનાર ખેડૂતોના ખાતામાં દર વર્ષે છ હજાર રૂપિયા જમા કરવામાં આવનાર છે. આશરે ૧૨ કરોડ ખેડૂત પરિવારોને આનો સીધો લાભ મળશે. આ યોજનાને પહેલી ડિસેમ્બર ૨૦૧૮થી જ અમલી કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંરક્ષણ બજેટ ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારેનું રાખવામાં આવ્યું છે જે હજુ સુધી કોઇપણ વર્ષની સરખામણીમાં સૌથી વધારે છે. પીયુષ ગોયેલે લોકસભામાં આજે આ અંગેનું બજેટ રજૂ કરતા કહ્યું હતું કે, ૨૦૧૯-૨૦ માટે વચગાળાનું બજેટ સંરક્ષણની દ્રષ્ટિએ ઐતિહાસિક છે. તેમણે કહ્યું હતું કે, અમારા સૈનિકો સરહદ ઉપર ખુબ જ જટિલ સ્થિતિમાં સેવા આપે છે. તેમના ઉપર અમને ગર્વ છે.

સંરક્ષણ બજેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટ રજૂ કરતા કહ્યું હતું કે, અમારા જવાનો ખુબ જટિલ સ્થિતિમાં સરહદ ઉપર ફરજ બજાવે છે. તેમના ઉપર અમને ગર્વ છે. અમારા સૈનિકો અમારા સન્માન તરીકે છે. અમારી સરહદની સુરક્ષા માટે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુની ફાળવણી કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, જે હજુ સુધીની સૌથી જંગી ફાળવણી કરવામાં આવી છે. બજેટમાં સંરક્ષણ ક્ષેત્રમાં વધારો કરવામાં આવશે તેવી ગણતરી પહેલાથી જ ચાલી રહી હતી. સંરક્ષણ ક્ષેત્રમાં ફાળવણીમાં આ વખતે અગાઉની સરખામણીમાં વધારો કરાયો છે. સંરક્ષણ ફાળવણીમાં ગયા વર્ષની સરખામણીમાં ૫૦૦૦ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ વધારો સેનાના આધુનિકીકરણ અને અન્ય બાબતો ઉપર ખર્ચ કરવામાં આવશે. પીયુષ ગોયેલે સંરક્ષણ બજેટમાં વધારો કરવાની જાહેરાત કરી ત્યારે ગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોએ આનું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ આની પ્રશંસા કરતા નજરે પડ્યા હતા. દેશમાં સંરક્ષણ ઉપર કોઇ બાંધછોડ કરવામાં આવશે. જો જરૂર પડશે તો તેમાં વધુ વધારો પણ કરવામાં આવશે. ગોયલે કહ્યું હતું કે, સરકારે છેલ્લા ૪૦ વર્ષથી અટવાયેલી વન રેંક વન પેન્શન યોજના અમલી કરી બતાવી છે.

ખેડૂતોને ખુશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે, નાના ખેડૂતોના ખાતામાં દર વર્ષ ત્રણ ઇન્સ્ટોલમેન્ટમાં છ હજાર રૂપિયા જમા કરવામાં આવશે. આ યોજનાને કૃષિ નિષ્ણાત સ્વામીનાથન અય્યરે ખુબ સારી યોજના તરીકે ગણાવી છે. ખેડૂતો માટે જાહેરાતો કરતા તેમણે કહ્યું હતું કે, ખેડૂતો માટે કિસાન વિકાસ સન્માન યોજના રહેશે. નાના ખેડૂતો જેમની પાસે બે હેક્ટર અથવા તો પાંચ એકર સુધીની જમીન છે તેવાના ખાતામાં દર વર્ષે ૬૦૦૦ રૂપિયા જમા કરવામાં આવશે. આ રકમ ત્રણ ઇન્સ્ટોલમેન્ટમાં સીધીરીતે બેંક ખાતામાં જમા કરવામાં આવશે. નાના અને મધ્યમવર્ગના ખેડૂતોને લઘુત્તમ રકમ મળી શકે તે માટે પ્રધાનમંત્ર કિસાન સન્માનનિધિ આપવામાં આવશે. આનાથી ૧૨ કરોડ ખેડૂતોને ફાયદો થશે. ખેડૂતોને ૩ ઇન્સ્ટોલમેન્ટમાં છ હજાર રૂપિયા જમા કરવામાં આવશે. આ જાહેરાતથી ૧૨ કરોડ નાના અને મધ્યમ ખેડૂતોને ફાયદો થશે પરંતુ આના ઉપરઆશરે ૭૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ થશે. ગોયેલે કહ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ અને તેમની આવકને બે ગણી કરવા માટે સરકારે અનેક ઐતિહાસિક પગલા લીધા છે. ૨૨ મહત્વપૂર્ણ પાકના સમર્થન મૂલ્ય ૧.૫ ગણા કરવાનો નિર્ણય કરાયો છે. ત્રણ રાજ્યોમાં મળેલી વિધાનસભા ચૂંટણીમાં હાર બાદથી એવી આશા કરવામાં આવી રહી હતી કે, ખેડૂતોને ખાસ રાહત આપવામાં આવશે. ગોયેલે કહ્યું હતું કે, મોદી સરકારના આશરે પાંચ વર્ષના ગાળામાં ખેડૂતોની આવક વધી છે. કૃષિ સેક્ટર માટે જે જાહેરાતો કરવામાં આવી છે તેના ભાગરુપે કુદરતી હોનારત દ્વારા અસરગ્રસ્ત ખેડૂતો માટે બે ટકા વ્યાજ મુક્તિ રહેશે અને જો કોઇ ખેડૂતે સમયસર લોનન ચુકવણી કરે છે તો વધારાના ત્રણ ટકાની રાહત મળશે.

ખબરે અનોખી...

રાણાવાવમાં જૂનવાણી ઠાઠની જાન નીકળી

આજના સમયમાં સામાન્યરીતે વરરાજો મોંઘીદાટ કારમાં પરણવા જતો હોય છે. પરંતુ રાણાવાવમાં એક યુવાને ગાડામાં જાન જોડી અને જુનાજમાનાની યાદ તાજી કરી હતી. શણગારેલ ગાડા અને અશ્વ સાથે જાન નિકળતા રાણાવાવમાં લોકો જાનને જોવા ઉમટી પડ્યા હતા.

સુરતમાં આખુ જૈન પરિવાર દિક્ષા ગ્રહણ કરશે

ડાયમંડસીટી સુરત હવે દીક્ષા નગરી તરીકે ઓળખ બનવા જઈ રહ્યુ છે. સુરતના આંગણે મહારાષ્ટ્રનો આખો પરિવાર આગામી દિવસોમાં સુરત જૈન સંઘમાં દિક્ષા ગ્રહણ કરવાનો છે. વેપારી રાકેશભાઈ અને તેમનો પરિવાર મૂળ રાજસ્થાનના પેશુઆ ગામનો વતની છે. રાકેશભાઈ તેમની પત્ની સીમાબેન, ૨૧ વર્ષીય પુત્ર મીત અને ૧૯ વર્ષીય પુત્રી શૈલી આચાર્ય ગુણરત્નસુરીની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરશે.

અંતરીક્ષમાં બની રહી છે સ્પેશલ હોટલ

અત્યાર સુધી માનવી અંતરીક્ષ પર સેટેલાઈટ મોકલતા રહ્યા છે જ્યારે માનવી ચંદ્ર પર પણ પહોંચી ગયા છે. પરંતુ આવનારા કેટલાક વર્ષોમાં માનવી ધરતીની જગ્યાએ અંતરીક્ષ પર રહેવા લાગશે કેમ કે હવે અંતરીક્ષમાં હોટલ બનાવવા જઈ રહ્યા છે. જી હા આ હકિકત છે. સંયુક્ત રાજ્ય અમેરીકાની એક કંપની અંતરીક્ષમાં હોટલ ખોલવા જઈ રહી છે. કંપનીના સૂત્રોનું માનીએ તો આ હોટલ ૨૦૨૨માં શરૂ થશે.

સ્પેશ્યલ બાળકો માટે અમિતાભ બચ્ચને નેશનલ એન્થમ સાઈન લેન્ગવેજમાં ગાઈ

અમિતાભ બચ્ચને હાલમાં જ સ્પેશ્યલ બાળકો માટે રાષ્ટ્રગીત સાઈન લેન્ગવેજમાં ગાયુ હતુ. તેમની સાથે અન્ય બાળકો પણ હાજર રહ્યા હતા. આ બાળકો સાથે નેશનલ એન્થમ ગાઈને અમિતાભ બચ્ચને ગર્વની લાગણી અનુભવી હોવાનું જણાવ્યુ હતુ.

રસ્તા પર જઈ રહેલી ગાડીમાંથી અચાનક પડવા લાગ્યા ૫૦૦ની નોટોના બંડલ

ઉત્તરપ્રદેશના કાનપુર રોડ પર એક કારની ડિકીમાંથી અચાનક ૫૦૦-૫૦૦ રૂપિયાના બંડલ પડવા લાગ્યા હતા. થોડીવાર સુધી તો રાહદારીઓને વિશ્વાસ જ થયો નહી, પરંતુ જ્યારે કાર સવાર આગળ નીકળી ગયો ત્યારે લોકો બંડલ પાસે આવ્યા. સાચી ૫૦૦-૫૦૦ની નોટોનું બંડલ જોઈને લોકો તેની પર તુટી પડ્યા અને પૈસા માટે લોકો ખેંચતાણ કરવા લાગ્યા હતા. પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે આવી પણ કોઈ જોવા મળ્યુ ન હતુ. પોલીસ ઘટનાને અફવા ગણાવી રહી છે.

અંદાજપત્ર પર વિપક્ષના આકરા પ્રતિભાવો

રોજના ૧૭ રુપિયાની સહાય પહેલેથી બરબાદ થઈ ચુકેલા ખેડૂતોનુ અપમાન છે : રાહુલ ગાંધી

મોદી સરકારના લોકસભા ચૂંટણી પહેલાના આખરી બજેટ પર કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પહેલી પ્રતિક્રિયા આપી છે.

રાહુલ ગાંધીએ ખેડૂતોને દર વર્ષે ૬૦૦૦ રુપિયા સહાય આપવાની જાહેરાત અંગે ટ્વિટ કરતા કહ્યુ છે કે મોદી સરકારની સરકાર ચલાવવાની અક્ષમતા અને અહંકારથી ખેડૂતો પૂરેપૂરા બરબાદ થઈ ચુક્યા છે.હવે તેમને રોજના ૧૭ રુપિયા આપવા તે તેમની મહેનત અને તેમની દરેક માંગણીનુ અપમાન છે.

આ એક ચૂંટણી બજેટ છેઃ મનમોહનસિંહ

મનમોહન સિંહે જણાવ્યુ કે આ એક ચૂંટણી બજેટ છે. મોદી સરકાર દ્વારા મધ્યમ વર્ગ અને ખેડૂતોની મોટી આવકવેરા છૂટ આપવાના સવાલ પર મનમોહન સિંહે કહ્યુ કે આ પરિસ્થિતિઓમાં ખેડ